BAOU Education for All
परमं तपः
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

## બિમસ્ટેક્સ આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સના સમાપનમાં શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાનું ઉદબોધન

# ‘BIMSTEC’ને શક્તિશાળી પ્રાદેશિક અને શૈક્ષણિક મૉડલ બનાવવું જોઈએ






**નવગુજરાત સમય** > અમદાવાદ

ભારત સરકારના વિદેશ મંત્રાલય, બિમસ્ટેકસચિવાલય અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ‘સ્ટ્રેન્થનિંગ બિમસ્ટેક્સ રોલ ઈન કનેક્ટિવિટી, કલ્ચર એન્ડ કોઓપરેશન’ વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સનું સમાપન સત્ર ગિફ્ટ સિટી ક્લબ, ગાંધીનગર ખાતે યોજાયું હતું.

છ પ્લેનેરી સત્રના અંતે સમાપન સત્રમાં મંચ પર શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, વડોદરાના સાંસદ હેમાંગભાઈ જોશી, યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, આઈએએસ (નિવૃત્ત) અને ધ ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના ચીફ નેશનલ કમિશનર ડૉ. કે. કે. ખંડેલવાલ, મિનિસ્ટ્રી ઑફ એક્સટર્નલ અફેર્સ, નવી દિલ્હીના જોઈન્ટ સેક્રેટરી સુગંધકુમાર, વિયેતનામમાં ભારતનાં ભૂતપૂર્વ રાજદૂત પ્રીતિ સરન, યુનિવર્સિટીના કા. રજિસ્ટ્રાર ડૉ. ભાવિન ત્રિવેદીની ગરીમામય ઉપસ્થિતિ રહી હતી.

પ્રો. અમી ઉપાધ્યાયે કોન્ફરન્સનો ટૂંકો અહેવાલ પ્રસ્તુત કર્યો અને જણાવ્યું કે, BAOU ખાતે ‘BIMSTEC રિસર્ચ સેન્ટર’ અને ‘નોલેજ લૅબ’ની સ્થાપના થવી જોઈએ; આ સંગઠન માત્ર એક આર્થિક સમૂહ નથી પરંતુ એક સભ્યતાકીય સંગમ છે.

શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ઉદબોધનમાં કહ્યું કે, BIMSTECની સ્થાપનામાં શિક્ષણને સમાજ-પરિવર્તનનું સૌથી સબળ માધ્યમ ગણવામાં આવ્યું છે, તેથી સભ્ય દેશોના સહકાર દ્વારા ‘BIMSTEC’ને એક શક્તિશાળી પ્રાદેશિક અને શૈક્ષણિક મૉડલ બનાવવું જોઈએ; આનાથી આપણા નાગરિકો માટે માત્ર સંવાદ જ નહીં, પરંતુ વાસ્તવિક સિદ્ધિના દ્વાર ખુલશે. હેમાંગભાઈ જોશીએ જણાવ્યું કે, બંગાળની ખાડી માત્ર એક જળરાશિ ન રહેતાં સભ્યતાઓનો સેતુ છે; આથી બિમસ્ટેક (BIMSTEC) રાષ્ટ્રોએ પ્રાદેશિક સહકાર થકી ‘સંવાદથી સિદ્ધિ’ અને ‘સહિયારી ભૂગોળથી સહિયારા ભવિષ્ય’ તરફ પ્રયાણ કરવું અત્યંત આવશ્યક છે.

પ્રીતિ સરને કહ્યું કે, ‘BIMSTEC’ એ માત્ર પ્રાદેશિક સહકારનું માધ્યમ ન રહેતાં સર્વસમાવેશક વિકાસ અને સામૂહિક સુરક્ષાનું એક ઉત્કૃષ્ટ મૉડલ છે.

આ સાથે ઉલ્લેખનીય છે કે શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે કૉન્ફરન્સમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નૂતન અભ્યાસક્રમ ‘India and BIMSTEC: Strategy, Diplomacy & Regional Cooperation’ (CCIB) વિષયનું અનાવરણ કરાયું હતું. અંતે ડૉ. ભાવિન ત્રિવેદીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.